**ઊભો પાક સુકાવાની ભીતિ** | ગેટ બંધ રાખી વોચમેનો દ્વારા અપાતા ખોટા બહાના

# માતર પંથકમાં માઈનોર કેનાલનું પાણી છેવાડાના ગામો સુધી ન પહોંચતા રોષ

**પાણી વિતરણમાં** વહાલા-દવલાની નીતિ સામે ખેડૂતોમાં આક્રોશ





(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

ખેડા જિલ્લામાં ઉપરવાસમાંથી છેલ્લા ૫ દિવસથી સીંજીવાડા માઈનોર કેનાલમાં સિંચાઈનું પાણી છોડાયું હોવા છતાં છેવાડાના ગામો સુધી ન પહોંચતા ખેડૂતો પરેશાન થયા છે. પરીએજ, બામણગામ, ઈસરવાડા અને દલોલી ગામના ખેડૂતો માટે જીવાદોરી સમાન આ પાણી અટકી જતાં ઊભો પાક સુકાઈ રહ્યો છે. કેનાલ ગેટ પર ફરજ બજાવતા વોચમેનો દ્વારા ગેટ બંધ રાખીને આગળથી પાણી ન આવતું હોવાના બહાના ધરી તંત્રની પોલ ખુલ્લી પાડી છે.

માતર પંથકમાં સરકારી સ્તરે કેનાલોમાં પાણી છોડવાના દાવાઓ વચ્ચે છેવાડાના ગામો પાણી વિના ટળવળી રહ્યા છે. આ સમગ્ર સમસ્યા પાછળ માનવસર્જિત બેદરકારી અને ગેરરીતિ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. પરીએજ ગામના સરપંચની સત્તાધીશોને કરાયેલી રજૂઆત અનુસાર, સિંજીવાડા મહીસાગર પાસે કેનાલનો ગેટ પાડી દેવામાં આવ્યો છે. અહીં ફરજ બજાવતા વોચમેન કૌશિક અને કિરણ દ્વારા આ ગેટ ખોલવામાં આવતો નથી અને પૂછપરછ કરતાં ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવે છે.

આ ઘટનાને પગલે સિંચાઈ વિભાગની પાણી વિતરણની નીતિ સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. આ અંગે ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે કે પાણી વિતરણમાં પણ વહાલા-દવલાની નીતિ અપનાવીને ચોક્કસ વિસ્તારોને જ પાણી આપવામાં આવી રહ્યું છે, જ્યારે પરીએજ અને દલોલી જેવા વિસ્તારો સાથે ઓરમાયું વર્તન થાય છે.

# ખેડાસા દૂધ મંડળીની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો વિજય

**તમામ ૮** સામાન્ય અને ૨ મહિલા અનામત બેઠકો પર વિકાસ પેનલના ઉમેદવારોનો દબદબો



**વિજેતા ઉમેદવારો**

ચંદ્રકાન્તભાઈ લક્ષ્મણભાઈ મકવાણા, દક્ષાબેન ધરમદેવસિંહ ડાભી, ગોપાલભાઈ મહીજીભાઈ ઝાલા, મહેશકુમાર ગણપતભાઈ મકવાણા, રમેશ બબુભાઈ ગોહેલ, મહેન્દ્ર નટુભાઈ મકવાણા, સંજય કનુભાઈ પરમાર, વર્ષાબેન વિજયસિંહ પરમાર, મીનાબેન નવીનભાઈ પરમાર, વસંત જીવણભાઈ મકવાણા

પ્રતિનિધિ બોરસદ તા.૩૧

બોરસદ તાલુકાના ખેડાસા ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત વિકાસ પેનલે ભવ્ય વિજય હાંસલ કરતાં સહકારી ક્ષેત્રે રાજકીય દબદબો જાળવી રાખ્યો છે. ચૂંટણીમાં વ્યવસ્થાપક સમિતિની તમામ ૮ સામાન્ય તથા ૨ મહિલા અનામત બેઠકો પર વિકાસ પેનલના ઉમેદવારો વિજેતા જાહેર થતાં સમગ્ર પેનલનો વિજય થયો હતો.

ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ વિકાસ પેનલના સમર્થકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં બોરસદ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ધર્મદેવસિંહ ડાભીના પત્ની દક્ષાબેન ડાભી સહિત વિકાસ પેનલના તમામ ઉમેદવારોનો વિજય થયો હતો. ખાસ કરીને મહિલા અનામતની બંને બેઠકો પર પણ વિકાસ પેનલના ઉમેદવારો વિજયી બનતાં પેનલનું સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપિત થયું હતું.

# વાસદ નજીક મિનીટ્રકની ટક્કરે વૃદ્ધાનું કરુણ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

વાસદના તારાપુર હાઈવે પર એક્સિસ બેન્ક સામે રોડ ક્રોસ કરી રહેલા એક ૬૯ વર્ષીય વૃદ્ધાને પૂરઝડપે આવી રહેલી આઈશર ગાડીએ જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃદ્ધાનું વડોદરાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૨૯મી ઓગષ્ટના રોજ રાત્રિના સમયે વાસદના ગાયત્રી પાર્ક ખાતે રહેતા રાહુલભાઈ જગુભાઈ પટેલના માતા પ્રવિણાબેન પટેલ (ઉં.વ. ૬૯) હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન તારાપુરથી વાસદ તરફ પૂરઝડપે આવી રહેલી આઈશર ટ્રક (GJ-06-BY-6165) ના ચાલકે તેમને જોરદાર અડફેટે લીધા હતા. આ અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તુરંત જ આઈશર ગાડીનો પીછો કર્યો હતો. પરંતુ, ચાલક વાસદ ટોલનાકા નજીક આઈશર ગાડી માર્ગ પર જ મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો.

આ અકસ્માતને પગલે પ્રવિણાબેનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો અને પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર ઈજાઓની સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર ઘટના અંગે વાસદ પોલીસે ફરાર આઈશર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે અને ગુનો નોંધી તેની ધરપકડ કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

**દિવા તળે અંધારું** | ઐતિહાસિક પાળિયાદેવ મંદિરના રસ્તા પર સ્ટ્રીટ લાઇટ બંધ

# ખેડા નગરપાલિકાના પ્રમુખનો જ વોર્ડ અંધારપટમાં ગરકાવ થયો

**એક મહિના પહેલાં** નાખેલી સ્ટ્રીટ લાઈટો માત્ર બે-ત્રણ દિવસ ચાલુ રહી બંધ થઈ ગઈ





(પ્રતિનિધિ) ખેડા તા.૩૧

ખેડા નેશનલ હાઈવે પર આવેલા ઐતિહાસિક પાળિયાદેવ મહાદેવ મંદિર જવાના જાહેર માર્ગ પર નગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોવા છતાં, અહીં મહિના અગાઉ નાખવામાં આવેલી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતાં દરરોજ સાંજે અને રાત્રે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ તેમજ સ્થાનિક રહીશો ભારે મુશ્કેલી ભોગવી રહ્યા છે. આ અંધારપટની કટોકટી ખુદ નગરપાલિકા પ્રમુખના જ વોર્ડમાં સર્જાઈ છે.

ખેડા નગરપાલિકા દ્વારા એક મહિના અગાઉ પાળિયાદેવ મહાદેવ મંદિર જવાના જાહેર રોડ પર સ્ટ્રીટ લાઈટના પોલ ઊભા કરી તેનો ટ્રાયલ લેવામાં આવ્યો હતો. પરંતુ, આ લાઈટો માત્ર ૨ થી ૩ દિવસ જ ચાલુ રહી હતી અને ત્યાર પછી વીજ પ્રવાહમાં અખાડા થતાં અહીં સંપૂર્ણ અંધારપટ છવાઈ ગયો છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરે રાત્રિના સમયે દર્શનાર્થીઓની ભારે ભીડ રહે છે, પરંતુ લાઈટો બંધ હોવાથી અંધકારમાં અવરજવર કરવામાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

આ ગંભીર સમસ્યા અંગે મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પાલિકા સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રનું પરિણામ શૂન્ય રહ્યું છે. હાલમાં મંદિરના ટ્રસ્ટીઓ અને શ્રદ્ધાળુઓની તીવ્ર માંગ છે કે તંત્ર દ્વારા આ સમસ્યાનું તાત્કાલિક નિવારણ લાવવામાં આવે અથવા શ્રાવણ માસ પૂરતી કોઈ વૈકલ્પિક પ્રકાશની વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

# બાલાસિનોરના જુગારના અડ્ડાપર૧૦શખસપકડાયાં

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૩૧

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પીલોદરા રોડ પર આવેલા એક તબેલા નજીક ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડીને ૧૦ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનના કર્મચારીઓ વહેલી સવારે નાઈટ પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, પીલોદરા રોડ પર આવેલ લાલાભાઈ તરશીભાઈ પટેલના તબેલાની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈને પત્તા પાના વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

આ બાતમી આધારે પોલીસે વહેલી સવારે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન ગોળ કુંડાળું વળીને લાઈટના અજવાળામાં જુગાર રમતા ૧૦ શખસ પકડાઈ ગયા હતા. આ શખસોની પૂછપરછ કરતાં તે અભિષેક શૈલેષ પટેલ, ભરત ચિમન મહેરા, જીગ્નેશ છગન પરમાર, વિજય મણીલાલ મહેરા, દિપક રસીકલાલ પરમાર, બાદલ હર્ષદ પટેલ, જયકુમાર પંકજ વાળંદ, કમલેશ રમણલાલ પરમાર, સુનીલ જયંતીભાઈ વસાવા અને સંજય શાંતિલાલ પટેલ હોવાનું જણાવ્યું હતું.

આ કાર્યવાહીમાં પોલીસે અંગઝડતી અને દાવ પરથી કુલ રૂ. ૪૦,૬૦૦ની રોકડ તેમજ રૂ. ૭૦,૦૦૦ની અંદાજિત કિંમતના ૮ મોબાઈલ અને જુગાર સાહિત્ય જપ્ત કર્યું છે. આ તમામ શખસ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બાકોર-પાંડરવાડાની કે. એમ. દોશી હાઈ.માં ‘રાષ્ટ્રીય રમતગમત દિવસ’ની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



**ખાનપુર** | બાકોર-પાંડરવાડા સ્થિત કે. એમ. દોશી હાઈસ્કૂલ ખાતે ફિઝીકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના સહયોગથી ‘રાષ્ટ્રીય રમતગમત દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીને પુષ્પાંજલિ અર્પણ કરી વિદ્યાર્થીઓને તેમના જીવન, યોગદાન અને દેશને અપાવેલા ત્રણ ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રકોની માહિતી અપાઈ હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય એચ. એ. જોષીના પ્રેરણાદાયી પ્રવચન અને રમતગમત શિક્ષિકા શ્રીમતી પી. આર. પટેલના આભારદર્શન સાથે આ સફળ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### મોગરીની વી. જે. પટેલ કોલેજ ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે વોલીબોલ સ્પર્ધા યોજાઈ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત વી. જે. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, મોગરી ખાતે નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે મોગરી કેમ્પસના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વોલીબોલ કોચ વસંતભાઈ મકવાણાએ વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમના અંતે સોસાયટીના મંત્રી કે. ડી. પટેલ વતી કોલેજના આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલે તમામ ઉપસ્થિત મહેમાનો, વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### વલ્લભવિદ્યાનગરમાં સ્પેક સંલગ્ન કોલેજો દ્વારા ભવ્ય ‘તિરંગા યાત્રા ૨૦૨૬’ યોજાઈ



**આણંદ** | સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલની ચાર સંલગ્ન કોલેજોના NSS સેલ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીના આયોજન હેઠળ યોજાયેલી રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રામાં ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. આ ભવ્ય રેલીનો પ્રારંભ શાસ્ત્રી મેદાન, વલ્લભવિદ્યાનગર ખાતેથી થયો હતો અને તેનું દેશભક્તિપૂર્ણ વાતાવરણ વચ્ચે આણંદના ટાઉન હોલ ખાતે સફળતાપૂર્વક સમાપન થયું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો અને ફેકલ્ટી સભ્યોએ જોડાઈને રાષ્ટ્રપ્રેમનો સંદેશ વહેતો કર્યો હતો. આ દેશપ્રેમના પ્રેરણાદાયી કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીગણ અને સ્પેક મેનેજમેન્ટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

### લુણાવાડાના વિરણીયાની ધી ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં ફાયર સેફ્ટી અંગે સફળ લાઈવ મોકડ્રિલ યોજાઈ



**લુણાવાડા** | વિરણીયા ખાતે આવેલ ‘ધી ન્યુ ઈંગ્લિશ સ્કૂલ’માં આચાર્ય રાકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે ફાયર સેફ્ટી મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન બાળકોને આગ લાગે ત્યારે ગભરાયા વગર સ્વબચાવ કરવા અને શાળામાં ઉપલબ્ધ અગ્નિશામક યંત્રોનો કટોકટીના સમયે સાચો ઉપયોગ કરવા અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન મળે તે હેતુથી સ્થળ પર પ્રત્યક્ષ રીતે આગ લગાડીને ફાયર સેફ્ટી બાટલા વડે તેને ઓલવવાનું લાઈવ નિદર્શન પણ કરી બતાવવામાં આવ્યું હતું.

### વડોદરામાં પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે શોટપુટ સ્પર્ધા સાથે રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી



**આણંદ** | ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા દ્વારા મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય ખેલ મહોત્સવ ૨.૦ અંતર્ગત દેશભરમાં રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે વડોદરામાં દીપક ફાઉન્ડેશન સંચાલિત સમાજ સુરક્ષા સંકુલ ખાતે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે એથ્લેટિક્સની શોટપુટ સ્પર્ધા યોજાઇ હતી. પીઇએફઆઈ ગુજરાતના જોઈન્ટ સેક્રેટરી ડો.વિકાસ અગ્રવાલ અને વાઇસ પ્રિન્સિપાલ શંભવી પાઠકની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સ્પર્ધામાં પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રમતગમતમાં પ્રથમ વિજેતા બનેલા ખેલાડીને સન્માનિત કરાયાં હતાં.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયો ચોમાસુ પાક જૈવિક નિયંત્રણ તાલીમ કાર્યક્રમ યોજાયો




**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીની જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા, કેવીકે મંગલભારતી અને આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે છોટાઉદેપુર જિલ્લાના ૨૫ ખેડૂતો માટે એક દિવસીય વિશેષ તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ ચોમાસુ પાકોમાં થતા વિવિધ રોગો અને જીવાતોની સમયસર ઓળખ, વૈજ્ઞાનિક વ્યવસ્થાપન અને જૈવિક નિયંત્રણ પદ્ધતિઓનું પ્રાયોગિક માર્ગદર્શન આપવાનો હતો. આ કાર્યક્રમમાં ઘરેલું પદ્ધતિથી જૈવિક કીટનાશકોના ઉત્પાદન અંગે સવિસ્તાર સમજ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતને મેટારીઝીયમ, બીવેરીયા જેવા જૈવિક કીટનાશકો, ઘરેલું ઉત્પાદનની કીટ અને જૈવિક નિયંત્રણ અંગેની પુસ્તિકાનું વિતરણ કર્યું હતું.

### આણંદની ક્રિશ્ચિયન કોલેજમાં TET-TAT કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



**આણંદ** | આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં તાલીમાર્થીઓ માટે TET-TAT અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેના વિશેષ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ધ્યેય એકેડમીના ડાયરેક્ટર ચિરાગ પટેલ અને અલ્પેશ સાહેબે ઉપસ્થિત રહીને તાલીમાર્થીઓને પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. આ સમગ્ર સેમિનારનું સુંદર આયોજન અધ્યાપિકા ડો. શબનમ સૈયદ દ્વારા સંસ્થાના અગ્રણીઓના યોગ્ય માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર અને આચાર્ય જતીન પઢિયાર તથા સંસ્થાના ચેરમેન વોલેસ ક્રિશ્ચિયનના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓને ઉત્તમ કારકિર્દી ઘડતરની પ્રેરણા મળી હતી.

### આણંદની આઈ. જે. પટેલ એમ.એડ્. કોલેજ, મોગરી ખાતે લર્નિંગ એન્ડ ટીચિંગ પુસ્તકનું વિમોચન યોજાયું



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ એમ.એડ્. કોલેજ, મોગરી દ્વારા પ્રકાશિત અને ડો. નંદકિશોર પીંપલકર તથા ડો. પ્રતિભા દીક્ષિત લિખિત લર્નિંગ એન્ડ ટીચિંગ પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડો. મયુર પરમાર, ડો. નુસરતબેન કાદરી, સંસ્થાના ડાયરેક્ટર આર. પી. ભોઈ તથા હેડ પ્રોફેસર યજ્ઞેશ પુરોહિતે ઉપસ્થિત રહી પ્રાસંગિક શુભેચ્છાઓ પાઠવી હતી. કોલેજના સર્વે અધ્યાપકો અને તાલીમાર્થીઓની ઉત્સાહભેર સહભાગીતાથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સોસાયટીના મંત્રી કેતનભાઈ પટેલ અને ચેરમેન નીરવભાઈ પટેલે આ સફળતા બદલ લેખકો અને સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### ખેડા સ્વામીબાપા પ્રાગટ્યધામમાં હિંડોળા અને પૂર્ણિમા પર્વની ભવ્ય ઉજવણી કરાઇ



**ખેડા** | મુક્તજીવન સ્વામીબાપા પ્રાગટ્યધામ ખેડા ખાતે શ્રાવણી પૂર્ણિમા અને હિંડોળા ઉત્સવની ભવ્ય પૂર્ણાહુતિ ભક્તિભાવપૂર્વક ઉજવાઇ હતી, જેમાં ઘનશ્યામ મહારાજ આદિ દેવોને તાજા પુષ્પોથી સજાવેલા કલાત્મક હિંડોળામાં બિરાજમાન કરી ઝુલાવવામાં આવ્યા હતા. આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની દિવ્ય પ્રેરણાથી આયોજિત આ મહોત્સવમાં ભક્તિસભર કીર્તન આરાધના અને જ્ઞાનવર્ધક કથાવાર્તાના દિવ્ય કાર્યક્રમો યોજાયા હતા. આ ઉત્સવ દરમિયાન સંસ્થા તરફથી તુલસીના રોપાનું વિતરણ કરાયું હતું.

### કપડવંજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



**કપડવંજ** | કપડવંજ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે બહેનોએ આત્મિક સ્મૃતિનું તિલક કરી, રક્ષા બાંધીને સૌનું મુખ મીઠું કરાવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારી કલાવતી બહેને સકારાત્મક વિચારો અને રાજયોગ દ્વારા યુવાનોને વ્યસનમુક્ત બની જીવન શ્રેષ્ઠ બનાવવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી માલા બહેને પરમાત્મા શિવને સાચા રક્ષક ગણાવ્યા હતા અને અલ્કા બહેને રાજયોગ મેડિટેશન દ્વારા સર્વને શાંતિની અનુભૂતિ કરાવી હતી. આ ઉજવણીમાં નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલ, નાયબ કલેક્ટર એ. પી. ઝાલા, તેમજ પોલીસ વિભાગના અધિકારીઓ અને ડોક્ટરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### કપડવંજના વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં રક્ષાબંધનની હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઇ



**કપડવંજ** | કપડવંજ તાલુકાની વ્યાસવાસણા પે સેન્ટર શાળામાં ભાઈ-બહેનના હેતના પ્રતીક સમાન પવિત્ર રક્ષાબંધન પર્વની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાની કન્યાઓએ ભાઈ સમાન કુમારોને કુમ-કુમ તિલક કરી અને રક્ષાસૂત્ર બાંધીને મોં મીઠું કરાવી મૂલ્યસભર પરંપરા નિભાવી હતી. સામે પક્ષે કુમારોએ પણ પોતાની બહેનોને યથાશક્તિ સુંદર ભેટ અર્પણ કરી ભાઈ તરીકેનો સ્નેહ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય કનુભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને આ પવિત્ર તહેવારનું મહત્વ સમજાવી ભાતૃધર્મ નિભાવવાની સુંદર સમજ આપી હતી.